# ।। શ્રી કવિતાયૈ નમઃ ।।

‘શબ્દ જોડી કાંઈ કવિતા થાય નહીં
આ ‘કવિતા’ શબ્દ સાંભળતાં જ કે વાંચતાં જ
એક સર્જકના નાતે
એક ભાવકના નાતે
મનમાં રોમાંચની એક લહેર ફરી વળે છે.

કવિતા પ્રત્યે સ્નેહ, પ્રેમ અને સમર્પણ
એ કયા ભવનું અનુસંધાન હશે એ કંઈ જ જાણતો નથી.
પણ, કંઈક તો છે જ
કેમ કે જીવનમાં સૌથી વધુ, સૌથી તીવ્ર અને સૌથી રોમાંચક
આનંદ અને અચરજ મને
કવિતા પ્રત્યેનાં પ્રેમ અને સમર્પણથી મળ્યાં છે.
મળતાં રહે છે!!!
અને હા,
કવિતા વિશેની સમજણ થોડી-ઘણી પણ
સમૃદ્ધ થઈ ત્યારથી મન સતત કહ્યા કરે છે કે
‘શબ્દ જોડી કાંઈ કવિતા થાય નહીં’
કવિતા રમત નહીં, રાસ છે
કવિતા મનોરંજન નહીં, મર્મ છે
કવિતા શબ્દોની ઊછળકૂદ નહીં, સ્થિરતા છે
કવિતા સપનું નહીં, સમય છે
કવિતા કઠપૂતળી નહીં, કંકુચોખા છે
કવિતા જળ ભરેલું પાત્ર નહીં, સરવાણી છે
કવિતા કરામત નહીં, કલા છે

કવિતા અટકળ નહીં, અવાજ છે
કવિતા સૂર્યોદય કે સૂર્યાસ્ત નહીં

કવિતા તો જીવન છે
                    જીવન છે
                              જીવન છે!
આ કવિતા મારી નથી,
હું નિમિત્ત માત્ર છું.

આ કવિતા આપણા સૌની છે
આ સંવેદન, પીડા, કરુણા, પ્રેમ આપણાં સૌનાં છે.
હા, એ વાત અલગ છે કે મારાથી
શબ્દોમાં સંવેદન ઢાળી શકાયાં,
બાકી, એવું બની શકે કે
આપ ભીતર જ વિસ્તરી રહ્યા હો
હા, એવું બની શકે કે
આપ ભીતર જ વિસ્તરી રહ્યા હો!!
આખરે તો એટલું જ કે

શબ્દ જોડી કાંઈ કવિતા થાય નહીં
આ વિશે બીજું કશું બોલાય નહીં!

**- દિનેશ કાનાણી**

ટહુકો કરતાં ન આવડે
એ
બૂમો પાડે,
બૂમો પાડતાં ન આવડે
એ ચીસો પાડે
ને
ચીસો પાડતાં પણ ન આવડે, એ...???
એ કદાચ
કદાચ... કદાચ
જીવી રહ્યા હોય
આપણી જેમ જ, કદાચ!!!

❖

ફૂંક મારી
દીવો ઠારતાં તો
અમને પણ આવડતું'તું!
પણ
અમે
દીવેલ પૂર્યું દીવામાં!!
કારણ બસ એટલું જ કે...
અજવાળું અમારી ઓળખ છે!!!
બીજું તો શું?!

❖